અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક/ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાય આપવાની યોજના હેઠળ દર સુધારવા બાબત.
( અનુસૂચિત જાતિના વિકલાંગો માટે )

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૬/ન.બા.૧૪/છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૭ -૧૧-૨૦૦૬

**વંચાણે લીધા :-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ નં.અપગ/૧૦૯૦/૪૭૫૬/છ. તા.૩-૧૦-૯૧.
(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ નં.અપગ/૧૦૯૮/૧૪૧૭/છ. તા.૨-૯-૯૮.
(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૦-૫-૦૬નો પત્ર નં.યજન/૦૬-૦૭/૮૬.

**ઠરાવ :-**

ઉક્ત સંદર્ભમાં અનુ.નં.૧ અને ૨ સામે ઉલ્લેખિત ઠરાવો મુજબ ૫ થી ૫૦ વર્ષની વયના અપંગ, અંધ તથા બહેરામુંગા, વ્યક્તિઓને તેઓની અપંગતામાં રાહત થાય તે હેતુથી તેમજ તેઓના પુનઃસ્થાપનના હેતુથી કેટલાક સાધનો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં અનુસૂચિત જાતિના વિકલાંગો માટે આ હેતુ માટે રૂ.૧,૨૦,૦૦૦/-ની જોગવાઇ નવી બાબત તરીકે અંદાજપત્રમાં કરવામાં આવેલ છે, જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

આ સાધનોની પ્રવર્તમાન બજાર કિંમત જોતાં હાલ મળતી સહાય અપૂરતી છે. ઉપરાંત હાલ જે સાધનો માટે સહાય આપવામાં આવે છે તે ઉપરાંત કેટલાક આધુનીક સાધનો પણ ઉપલબ્ધ થતાં હોઇ, સહાય માટે તેવા સાધનો પણ ઉમેરવા જરૂરી છે.

//૨//

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના વિકલાંગોને, આ સાથે સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબના સાધનો ખરીદવા માટે નીચેની શરતોએ આ નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ સહાય માટેની પાત્રતા માટે વિકલાંગ વ્યક્તિના કુટુંબની વાર્ષિક આવક રૂ.૧૧,૦૦૦/-ની મર્યાદામાં હોવી જોઇએ.

૨. આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ સાધનો માટે પત્રકના કોલમ-૩ નીચે દરેક સાધન સામે દર્શાવેલ વધુમાં વધુ સહાયની રકમ રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર )ની મર્યાદામાં મળવાપાત્ર થશે.

૩. સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ સાધનોમાંથી કોઇ એક સાધન માટે જ આ સહાય મંજૂર કરી શકાશે.

૪. વિકલાંગ ધારો ૧૯૯૫ની જોગવાઇ પ્રમાણે ૪૦ ટકા વિકલાંગતા ધરાવતા વિકલાંગને આ સહાય મળવાપાત્ર થશે.

૫. આ યોજનાનો લાભ ૫ થી ૫૦ વર્ષની વયના વિકલાંગોને મળવાપાત્ર થશે.

૬. આ સુધારેલ સહાય યોજના ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭થી અમલમાં આવશે.

૭. આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્ર સદર માંગણી નં.૯૫-૨૨૩૫-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-૦૨-સમાજ કલ્યાણ-૧૦૧-વિકલાંગોનું કલ્યાણ-૦૫-એસસીડબલ્યુ-૧-અપંગોને કૃત્રિમ અંગો અને શૈક્ષણિક તથા શ્રાવ્ય સાધનો પૂરા પાડવા (પ્લાન) હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૧૦/૦૬ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( પી.જે.પરમાર )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણ:-પત્રક

પ્રતિ,

મા.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
બજેટ શાખા.
ના.સે.અ.સિલેકટ ફાઇલ.

# વિકલાંગ સાધન સહાય યોજના.

## પત્રક

( ઠરાવ નં.અપગ-૧૦૨૦૦૬-ન.બા.૧૪-છ.૧ તા.૭-૧૧-૨૦૦૬ સાથેનું બિડાણ)

| ક્રમ | સાધનનું નામ | વધુમાં વધુ સહાયની રકમ |
|---|---|---|
| (૧) | ટ્રાયસીકલ | ૨૫૦૦ |
| (૨) | સાયકલ | ૨૦૦૦ |
| (૩) | શ્રવણયંત્ર | ૧૦૦૦ |
| (૪) | સીવણ મશીન | ૨૫૦૦ |
| (૫) | હાથલારી | ૧૮૦૦ |
| (૬) | કેલીપર્સ (બન્ને પગના) | ૨૦૦૦ |
| (૭) | કેલીપર્સ (૧ પગના) | ૧૦૦૦ |
| (૮) | બુટ કે ઘોડી | ૭૫૦ |
| (૯) | મોચીકામના સાધનો | ૧૫૦૦ |
| (૧૦) | સંગીતના સાધનો | ૨૦૦૦ |
| (૧૧) | સુથારી કામના સાધનો | ૨૦૦૦ |
| (૧૨) | કોમ્પ્યુટર રીપેરીંગના સાધનો | ૫૦૦૦ |
| (૧૩) | ઈલેક્ટ્રીક રીપેરીંગના સાધનો | ૧૫૦૦ |
| (૧૪) | સાયકલ રીપેરીંગના સાધનો | ૧૦૦૦ |
| (૧૫) | ભરતગૂંથણ મશીન | ૪૫૦૦ |
| (૧૬) | એમ્બ્રોયડરી મશીન | ૪૫૦૦ |

( પી.જે.પરમાર )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.